**DHARMENDRA K.PATEL**
B.COM. LL.B.

**ADVOCATE**

**OFFICE : 202, Triveni Complex, Opp.Iscon Cercle, Jahangirpura,Surat.395005**
**MO-9825413982, 9426480982.**


**Date :25-04-2022**

## :– ટાઈટલ્સ રીપોર્ટ –:

આથી તમામ લાગતા વળગતાઓને આ ટાઈટલ રીપોર્ટથી જણાવવામાં આવે છે કે, :––

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો : ચોર્યાસીનાં ગામ મોજે : કરાડવાનાં રેવન્યું સરવે નંબર : ૨૬, બ્લોક નંબર : ૩૪, થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન. જેનું ક્ષેત્રફળ : ૨–૫૩–૨૯ ચો.મી. જેનો આકાર રૂા.૨૮.૯૪ પૈસાવાળી બીનખેતીની જમીન.

સદર જમીન મીલકતનાં ટાઈટલ સંબધી વિગત એવી છે કે..,

DHARMENDRA K. PATEL ENRL.NO. G/2920/2005 SURAT ADVOCATE

DHARMENDRA K. PATEL SURAT ADVOCATE

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડીસ્ટ્રીકટનાં મોજે ગામ : કરાડવાનાં રે.સ.નં. ૨૬, વાળી કુલ્લે ૬–એકર ૧૩–ગુંઠાની જુની શરતની ખેતીની જમીનનાં મુળ માલિક મોરારભાઈ વલ્લભભાઈ રહેલા અને તેઓ અગાઉ આશરે ૨૫ વર્ષ પહેલા ગુજરી જવાથી તેમનાં વારસદાર તરીકે તેમનાં છોકરા લલ્લુભાઈ મોરારભાઈનાંને સદરહું જમીન સ્વતંત્ર માલિકી હકકે પ્રાપ્ત થયેલી.જે વારસાઈ અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૧૪, થી દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે. આમ,સદરહું જમીનનાં માલીક લલ્લુભાઈ મોરારભાઈ થયેલા અને ચાલી આવેલા. ત્યારબાદ છીતુભાઈ ઉર્ફે લલ્લુભાઈ મોરારભાઈ તા. ૨૫–૧૧–૧૯૭૧ નાં રોજ મોજે : સણીયાકણદે ગામે ગુજરી ગયા છે. તેમનાં સીધીલીટીનાં વારસદારો શ્રી (૧)નટવરભાઈ છીતુભાઈ, (૨)નાનુભાઈ છીતુભાઈ, (૩) બાબુભાઈ છીતુભાઈ, તથા દિકરીઓ (૧) મંગીબેન છીતુભાઈ,(૨) ગજરીબેન છીતુભાઈ તથા મર્હુમનાં વિધવા મણીબેન તે છીતુભાઈ મોરારની વિધવા છે. તે પૈકી નટવરભાઈ છીતુભાઈ,નાનુભાઈ છીતુભાઈ, બાબુભાઈ છીતુભાઈ તથા મણીબેન તે છીતુભાઈ મોરારભાઈની વિધવાનું નામ વારસાઈ હકકે વારસાઈ પત્રકે

જણાવ્યા મુજબ મર્હુમની જગ્યાએ દાખલ કરવા નોંધ કરી. જે વારસાઈ અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકકપત્રકમાં એન્ટ્રી નંબર : ૨૯૫, તારીખ : ૪–૩–૧૯૭૨ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૧૭–૪–૧૯૭૨ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે. આમ, એ રીતે નટવરભાઈ છીતુભાઈ,નાનુભાઈ છીતુભાઈ, બાબુભાઈ છીતુભાઈ તથા મણીબેન તે છીતુભાઈ મોરારભાઈનાં વિધવા સદરહું જમીનનાં સ્વતંત્ર માલીક અને મુખત્યાર ચાલી આવેલા. અને ત્યારબાદ સદરહું જમીનનાં માલિકો (૧) નટવરભાઈ છીતુભાચઈ, (૨) નાનુભાઈ છીતુભાઈ, (૩) બાબુભાઈ છીતુભાઈ,(૪) મણીબેન તે છીતુભાઈ મોરારભાઈનાં વિધવાનાંઓ વચ્ચે કૌટુંબિક મીલકતની વહેંચણીનો કરાર કરવામાં આવેલો. અને તે કરારનાં આધારે મોજે ગામ : કરાડવાનાં રે.સ.નં.૨૬, વાળી ૬–એકર ૧૩–ગુંઠાની આકાર રૂા. ૨૯–૧૯ પૈસાવાળી જમીન બાબુભાઈ છીતુભાઈનાં હિસ્સે સ્વતંત્ર માલિકી હકકે રહેલી. જે વહેંચણ અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૩૦૩, તારીખ : ૬–૫–૧૯૭૨ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૨૦–૬–૧૯૭૨ નાં રોજ મંજુર કરવામાં આવેલ છે.આમ, સ.નં. ૨૬,વાળી જમીનનાં બાબુભાઈ છીતુભાઈ ,સ્વતંત્ર માલીક અને મુખત્યાર ચાલી આવેલ. ત્યારબાદ મહેરબાન સ્પેશીયલ લેન્ડ એકવીઝેશન ઓફીસર સાહેબ સુરતનાં હુકમ નં.એલ.એ.કયુ./એ/૧૮૫૦ તા. ૨૪–૬–૧૯૬૯ તથા એલ.એ.કયુ./૧૮૫૧ થી તા. ૨૦–૬–૧૯૬૯ નાં આધારે નહેરની દુરસ્તી કરવામાં આવતા મુળ જમીનનું ક્ષેત્રફળ ૨–હેકટર ૫૫–આરે ૬૭–સ.ચો.મી. રહેલું. તેમાં ફેરફાર થઈ ૨–હેકટર ૫૩–ગુંઠા ૨૯–સ.ચો.મી. થયેલું. જે દુરસ્તી અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નં.૩૭૭, તા.૮–૬–૭૮ નાં રોજ પાડવામાં આવેલ છે.

તેમજ ગુજરાત સરકાર મહેસુલ વિભાગનાં પરિપત્ર નંબર : ગપબ/૩૯૬૭/ ૮૧૭૭૮/તા.૩૦–૧૦–૧૯૬૭ તથા ગુજરાત સરકાર મહેસુલ વિભાગનાં પરિપત્ર નંબર : આઈ.વી.એસ./૧૦૬૨/૧૭૧૮૪,તા.૨૮–૩–૧૯૬૨ તથા ગુજરાત સરકાર મહેસુલ વિભાગનાં પરિપત્ર નં.ગપબ/૩૯૬૭/૧૨૩૨૮૭/જ,તા. ૮–૨–૧૯૬૮ તથા ગુજરાત સરકાર મહેસુલ વિભાગનાં ઠરાવ નં. એલ.આઈ.એલ./૧૦૬૮/અ, તારીખ : ૧૧–૬–૧૯૬૮ નીમે મે.મામલતદાર સાહેબનાં હુકમ નંબર : વતન/કોટવાલ રૂબરૂ ૧૭/૬૯–૭૦,સુરત તા. ૩૦–૧૨–૧૯૬૯ મુજબ સદરહું જમીન રીગ્રાંટ કરવા હુકમ કરવામાં આવેલો. અને તે મુજબ સદરહું જમીન એકત્રીકરણ થવાથી બ્લોક નં. ૩૪, આપવામાં આવેલો. તે અંગેની નોંધ ગ્રામ પંચાયતનાં દફતરે હકક પત્રકમાં કરવામાં આવેલી.

સદરહું સર્વે નંબર : ૨૬, વાળી જમીનનાં માલીક બાબુભાઈ છીતુભાઈ ચાલી આવેલ. અને તેઓએ સદરહું જમીન ઉપર શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. પાસેથી રૂા.૪૦૦૦/–નું ધિરાણ મેળવેલ. જે મંડળીનાં

ડેકલેરેશનનાં આધારે બોજાની નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૩૪૯,તારીખ : ૧૯–૧૨–૧૯૭૬ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.સદર એન્ટ્રી નં.૪૩૩,વાળી નોંધ સદર બ્લોક નંબરવાળી જમીનને લાગુ પડતી નથી.સદર બ્લોક નં.૩૪,વાળી જમીન ઉપર જમીન માલીક બાબુભાઈ છીતુભાઈએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીંડોલી શાખામાંથી રૂા.૨૦,૦૦૦/–ની લોન લીધેલ અને બેંકનાં એકરારનામાનાં આધારે બોજાની નોંધ કરી. જે બોજા અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૪૭૨,તારીખ : ૧–૧–૧૯૮૭ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે. સદર બ્લોક નં.૩૪,વાળી જમીનમાં એન્ટ્રી નંબર : ૪૯૯, ભુલથી પડેલ છે.સદર બ્લોક નં.૩૪,વાળી જમીન ઉપર જમીન માલીક બાબુભાઈ છીતુભાઈએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીંડોલી શાખામાંથી રૂા.૪૦,૦૦૦/–ની લોન લીધેલ અને બેંકનાં એકરારનામાનાં આધારે બોજાની નોંધ કરી. જે બોજા અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૫૬૬,તારીખ : ૩૦–૧૦–૧૯૯૪ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.સદરહું બ્લોક નંબર : ૩૪, વાળી જમીનનાં માલીક બાબુભાઈ છીતુભાઈ ચાલી આવેલ. અને તેઓએ સદરહું જમીન ઉપર શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી. પાસેથી રૂા.૫૦,૦૦૦/–નું ધિરાણ મેળવેલ. જે મંડળીનાં ડેકલેરેશનનાં આધારે બોજાની નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૫૭૪,તારીખ : ૨૮–૨–૧૯૯૫ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે. સદર બ્લોક નં.૩૪,વાળી જમીન ઉપર જમીન માલીક બાબુભાઈ છીતુભાઈએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીંડોલી શાખામાંથી રૂા.૧,૦૦,૦૦૦/–ની લોન લીધેલ અને બેંકનાં એકરારનામાનાં આધારે બોજાની નોંધ કરી. જે બોજા અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૬૫૨,તારીખ : ૨૬–૪–૧૯૯૯ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે. સદર બ્લોક નં.૩૪,વાળી જમીન ઉપર જમીન માલીક બાબુભાઈ છીતુભાઈએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીંડોલી શાખામાંથી રૂા.૧,૫૦,૦૦૦/–ની લોન લીધેલ અને બેંકનાં એકરારનામાનાં આધારે બોજાની નોંધ કરી. જે બોજા અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૭૩૩,તારીખ : ૩૦–૮–૨૦૦૩ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.તેમજ બ્લોક નં.૩૪,વાળી જમીન ઉપર સિંચાઈ દર વસુલાતની રકમ બાકી પડતી હોવાથી મે.મામલતદાર સિંચાઈ દર વસુલાત યુનિટ નં.૧,કાકરાપાર પ્રોજેકટ સુરતનાં તા. ૨૧/૧/૨૦૦૩ અન્વયે મે. મામલતદાર સુરત ચોર્યાસીએ તા. ૨૭/૧/૨૦૦૩ થી કરેલ સુચન મુજબ બોજાની રકમ રૂા.૧૯,૦૬૨/– પુરાનાં બોજાની નોંધ કરી. જે સિંચાઈ દર વસુલાતના બોજાની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકકપત્રકમાં એન્ટ્રી નં.૭૩૭, તારીખ : ૩/૧૧/૨૦૦૩ નાં

DHARMENDRA K. PATEL ADVOCATE SURAT

રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૬–૧–૨૦૦૪ નાં રોજ પ્રમાણિત થયેલ છે.સદર બ્લોક નં.૩૪,વાળી જમીન ઉપર જમીન માલીક બાબુભાઈ છીતુભાઈએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીડોલી શાખામાંથી રૂા.૧,૫૦,૦૦૦/–ની લોન લીધેલ અને બેંકનાં એકરારનામાનાં આધારે બોજાની નોંધ કરી. જે બોજા અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૯૨૦,તારીખ : ૨૭–૩–૨૦૦૯ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.સદર બ્લોક નં.૩૪,વાળી જમીન ઉપર જમીન માલીક બાબુભાઈ છીતુભાઈએ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીડોલી શાખામાંથી રૂા.૪,૬૦,૦૦૦/–ની લોન લીધેલ અને બેંકનાં એકરારનામાનાં આધારે બોજાની નોંધ કરી. જે બોજા અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૯૨૫,તારીખ : ૨૬–૫–૨૦૦૯ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.સદર બ્લોક નંબરવાળી જમીનો બાબુભાઈ છીતુભાઈનાં નામે ચાલે છે. જે જમીન ઉપર જે તે વખતે તેમણે શ્રી ચલથાણ વિ.ખાંડ ઉ.સ.મંડળી પાસેથી રૂા.૪૦૦૦(નોંધ નં.૩૪૯), રૂા.૫૦,૦૦૦( નોંધ નં.૫૭૪), રૂા.૫૦,૦૦૦/–(નોંધ નં.૫૬૫),પુરાની તથા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીડોલી શાખા પાસેથી રૂા.૨૦,૦૦૦/– (નોંધનં.૪૭૨),રૂા.૪૦,૦૦૦/– (નોંધનં.૫૬૬) રૂા.૧,૦૦,૦૦૦/–(નોંધ નં.૬૫૨),રૂા.૧,૫૦,૦૦૦/–(નોંધ નં.૭૩૩), રૂપિયા : ૧,૦૦,૦૦૦/– (નોંધ નં.૬૫૪),રૂા.૩૦,૦૦૦/–(નોંધ નં.૬૬૧), રૂા. ૧,૫૦,૦૦૦/– (નોંધ નં.૭૩૨),રૂા.૨,૦૦,૦૦૦/–(નોંધ નં.૮૧૨), પુરાની લોન લીધેલ હતી. જેની ૭/૧૨ નાં બીજા હકકમાં બોજાની નોંધ કરેલ છે. જે બોજા કમી કરવા અંગે અરજદાર તરફથી આવેલ અરજી તથા લેણુ બાકી ન હોવા અંગેનાં શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી., ચલથાણનાં તા. ૧૭–૮–૨૦૦૯ નાં રજુ કરેલ બોજા મુકિતનાં દાખલા નં.૧૯૭૮, તથા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાનાં તા. ૧૪–૮–૨૦૦૯ નાં રજુ કરેલ બોજા મુકિતનાં દાખલા આધારે સદર બ્લોક નં.૩૪, વાળી જમીનમાંથી બીજા હકકમાં થયેલ બોજા કમીની નોંધ કરી. જે બોજા મુકિત અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૯૩૨, તારીખ : ૨૭–૮–૨૦૦૯ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૩–૧૧–૨૦૦૯ નાં રોજ પ્રમાણિત થયેલ છે.સદર બ્લોક નં.૩૪,વાળી જમીન બાબુભાઈ છીતુભાઈ વિ.નાં નામે ચાલે છે. જે જમીન ઉપર જે તે વખતે તેમણે મામલતદાર સિંચાઈદર વસુલાત યુનિટ–૨,નો રૂા. ૧૯,૦૬૨/– પુરાનો બોજો હતો. જેની ૭/૧૨ નાં બીજા હકકમાં બોજો દાખલ કરેલ છે. સદરહું જમીનમાંથી બોજાની નોંધ કમી કરવા અરજદાર તરફથી આવેલ અરજી તથા મામલતદાર સિંચાઈ દર વસુલાત યુનિટ–૨, નાં બોજા મુકિતનાં જા.નં.સિ.દ.વ.યુ.૧/ રીકવરી/બોજામુકિત/વશી ૧૭૧, તા. ૧૬–૪–૨૦૧૨ નાં દાખલા આધારે બોજા કમીની નોંધ કરી.જે બોજા મુકિત અંગેની નોંધ ગામ દફતરે ગામના નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નં. ૧૧૧૮, તારીખ : ૩૦–૪–૨૦૧૨ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તારીખ :

DHARMENDRA K. PATEL * ADVOCATE *

૨૭–૮–૨૦૧૨ નાં રોજ પ્રમાણિત થયેલ છે.સદર બ્લોક નંબર : ૩૪, વાળી જમીન બાબુભાઈ છીતુભાઈનાં નામે ચો છે. જેનાં બીજા હકકમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીડોલી શાખાનાં બે બોજા (૧) રૂા.૧,૫૦,૦૦૦/– (૨) ૪,૬૦,૦૦૦/– અનુક્રમે નોંધ નં. ૯૨૦ અને ૯૨૫, થી નોંધાયે છે. સદરહું બંને બોજા ભરપાઈ થતા બોજા મુકિતની નોંધ અરજદાર તરફથી આવેલી અરજી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ડીડોલી શાખાનાં બોજા મુકિત પ્રમાણપત્ર તથા ૭ અને ૮–અ,ની નકલનાં આધારે બોજા મુકિતની નોંધ કરી.જે બોજા મુકિત અંગેની નોંધ ગામ દફતરે ગામના નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૧૧૯૫, તારીખ : ૨૨–૧૧–૨૦૧૨ નાં રોજ પાડવામા આવેલ છે. જે નોંધ તારીખ : ૫–૨–૨૦૧૩ નાં રોજ પ્રમાણિત થયેલ છે.

આમ, સદરહું બ્લોક નં. ૩૪,વાળી જમીનનાં માલિક બાબુભાઈ છીતુભાઈ ચાલી આવેલા. અને તેઓને સદર જમીન વારસાઈ હકકથી પ્રાપ્ત થયેલ હોવાથી તેઓએ તેમનાં વારસદારો ગંગાબેન તે બાબુભાઈ છીતુભાઈની ધણીયાણી, નલીનકુમાર બાબુભાઈ પોતે જાતે તથા(એચ.યુ.એફ.)નાં કર્તા તરીકે, જીગ્નાબેન તે બાબુભાઈ છીતુભાઈની દીકરી અને નરેશભાઈ દેવચંદભાઈની ધણીયાણી, ભારતીબેન તે બાબુભાઈ છીતુભાઈની દિકરી અને સંજયભાઈ જયંતિભાઈની ધણીયાણી, ડિમ્પલબેન તે બાબુભાઈ છીતુભાઈની દિકરી અને સમીરભાઈ નવીનભાઈની ધણીયાણીને સદર જમીનનાં દસ્તાવેજમાં સામેલ કરેલ અને તેઓ પાસેથી સદરહું જમીન (૧) રમેશચંદ્ર ગોપાળજી દેસાઈ, (૨) શાંતિલાલ જગુભાઈ પટેલ, (૩) રાજેશ શાંતિલાલ પટેલ, (૪) ગોપાળભાઈ હરીભાઈ પટેલ, (૫) ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ, (૬) ચિરાયુ રમેશચંદ્ર દેસાઈએ, વેચાણથી રાખેલ. જે ખરીદી અંગેનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરી(ઉધના–૨)માં અનુક્રમ નંબર : ૪૭૩૪, તારીખ : ૨૩–૩–૨૦૧૨ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૧૧૮૮, તારીખ :૨૧–૯–૨૦૧૨ નાં રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તારીખ :૨૬–૧૧–૨૦૧૨ નાં રોજ પ્રમાણિત થયેલ છે.આમ, સદરહું જમીનનાં સંયુકત માલિક (૧) રમેશચંદ્ર ગોપાળજી દેસાઈ, (૨) શાંતિલાલ જગુભાઈ પટેલ, (૩) રાજેશ શાંતિલાલ પટેલ, (૪) ગોપાળભાઈ હરીભાઈ પટેલ, (૫) ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ, (૬) ચિરાયુ રમેશચંદ્ર દેસાઈ, ચાલી આવેલ છે.

સદરહું બ્લોક નંબર : ૩૪, જેનું ક્ષેત્રફળ : ૨૫૩૨૯ ચો.મી. જમીન માટે રાજેશ શાંતિલાલ પટેલ વિગેરેએ ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મેળવવા તારીખ : ૫–૮–૨૦૧૯ નાં રોજ ઓનલાઈન અરજીથી માંગણી કરતાં કલેકટરશ્રી સુરતનાં તા. ૫–૧૦–૨૦૧૯ નાં હુકમ ક્રમાંક : ૯૫૫/૨૨/૧૦/૦૫૧/૨૦૧૯ મુજબ બીનખેતીનાં હેતુ માટે હુકમમાં જણાવેલ શરતોને આધીન મંજુરીની આથી નોંધ કરવામાં આવેલી. જે બીનખેતીનાં

હુકમ અંગેની નોંધ ગામ દફતરે ગામનાં નમુના નં.૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૧૭૩૨, તારીખ :૫–૧૦–૨૦૧૯ નાં રોજ પાડવામાં આવેલ. અને જે નોંધ તારીખ : ૨૧–૧૧–૨૦૧૯ નાં રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનમાં લે–આઉટ ડેવલોપમેન્ટ પરમીશન મેળવવા માટે અરજી કરેલ જેનો અરજી નંબર :1116BDP21220534, તથા ODPS એપ્લીકેશન નંબર : ODPS/2021/081169, તારીખ : ૨૪–૧૨–૨૦૨૧ નાં રોજ અરજી કરવામાં આવેલ. જેનો પરમીશન નંબર : 1116LD21220075, તારીખ : ૩૧–૧૨–૨૦૨૧ નાં રોજ લે–આઉટ પરવાનગી સુરત અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી સુરત(સુડા) તરફથી આપવામાં આવેલ.

ત્યારબાદ સદર જમીનમાં રીવાઈઝડ લે–આઉટ ડેવલોપમેન્ટ પરમીશન મેળવવા માટે અરજી કરેલ જેનો અરજી નંબર :1116BDP21221331, તથા ODPS એપ્લીકેશન નંબર : ODPS/2022/024501,તારીખ : ૨૦–૩–૨૦૨૨ નાં રોજ અરજી કરવામાં આવેલ. જેનો પરમીશન નંબર : 1116LD21220111, તારીખ : ૨૬–૩–૨૦૨૨ નાં રોજ લે–આઉટ પરવાનગી સુરત અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી સુરત(સુડા) તરફથી આપવામાં આવેલ છે.

મજકૂર જમીન મીલકત ઉપર **" શ્રી હરિ રેસીડેન્સી "** નાં નામથી ઓળખાતી સોસાયટીનું આયોજન કરેલ છે. અને તેમાં અલગ અલગ રહેઠાણનાં પ્લોટો માટેનું આયોજન કરેલ છે.

એ રીતે મજકુર ગામ મોજે : કરાડવાનાં રેવન્યું સરવે નંબર : ૨૬, બ્લોક નંબર : ૩૪, થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન. જેનું ક્ષેત્રફળ : ૨–૫૩–૨૯ ચો.મી. જેનો આકાર રૂા.૨૮.૯૪ પૈસાવાળી બીનખેતીની જમીન/મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ તેમજ બીનબોજી, બીન કરજી છે તે અંગેનો ટાઈટલ્સ રીપોર્ટ અમારી સમક્ષ રજુ થયેલ નીચેની વિગતના દસ્તાવેજી પુરાવાઓ તથા અમોએ લીધેલ જરૂરી સર્ચના આધારે આપવામાં આવેલ છે.

<u>દસ્તાવેજોની વિગત :–</u>

૧: કરાડવાનાં સર્વે નં.૨૬,બ્લોક નં.૩૪, ૭/૧૨,ની નકલો

૨: કરાડવાનાં સર્વે નં.૨૬,બ્લોક નં.૩૪,ની એન્ટ્રી ની નકલો

૩: બાંધકામ રજાચીઠ્ઠીની નકલ તથા મંજુર લે–આઉટ પ્લાનની નકલ.

૪. એન.એ. પરવાનગીની નકલ.

૫. સર્ચ રીપોર્ટની રસીદ નં.(૧) ૨૦૨૨૦૧૮૦૧૮૫૭૭
તારીખ : ૨૫-૦૪-૨૦૨૨ (૨) ૨૦૨૨૩૨૦૦૦૬૧૦૯, તા. ૨૫-૪-૨૦૨૨

૬. ઝોનીગ સર્ટીફીકેટ, તથા પાર્ટ પ્લાનની નકલ,

:: ટાઈટલ રીપોર્ટવાળી મિલકતની વિગત ::

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો : ચોર્યાસીનાં ગામ મોજે : કરાડવાનાં રેવન્યું સરવે નંબર : ૨૬, બ્લોક નંબર : ૩૪, થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન. જેનું ક્ષેત્રફળ : ૨–૫૩–૨૯ ચો.મી. જેનો આકાર રૂા.૨૮.૯૪ પૈસાવાળી બીનખેતીની જમીન/મિલકત ઉપર આયોજીત **" શ્રી હરિ રેસીડેન્સી "** નાં નામથી ઓળખાતી જમીન/મીલકત.

(ધર્મેન્દ્ર કે. પટેલ)
એડવોકેટ

DHARMENDRA K. PATEL
ADVOCATE (B.Com., LL.B.)
202 Triveni Complex,
Jahangirpura, SURAT.
Mo.: 9426480982, 9825413982

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 34

Search in : કરાડવા /KARADVA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૧૯૦૧૮૫૭૭ | અરજી નંબર | ૧૦૪૯૦ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૨૫ | માહે | એપ્રિલ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ ધર્મેન્દ્ર કે પટેલ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................ | |
| શેરોની નકલ કરવા માટે ફી................................ | |
| ટપાલ ખર્ચ.............................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )...................... | |
| શોધ અગર તપાસણી............Year: 1999 2012 | ૧૫૦.૦૦ |
| દંડ કલમ-૨૫............................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )...................................... | |
| નકલ ફી ફોલીયો......................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ......................................... | |
| ફુલ એકંદરે રૂ. | ૧૫૦.૦૦ |

THE SEAL OF THE SUB REGISTRAR
સબ રજીસ્ટ્રાર સુરત-૨
(ઉધના) નો સિક્કો
SURAT-2, (UDHNA)

અંકે રૂપીયા એક સો પચાસ પુરા

દસ્તાવેજ

___________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં _______________ આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

G J Sonagra
સબ રજીસ્ટ્રાર
SURAT

અંકે રૂ. : 150.00

20220425615217979

સબ રજીસ્ટ્રાર, SURAT

IGR-NIC(G) -102798959009240131 (W)

૨૫/૦૪/૨૦૨૨ 10:35:44

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : બ્લોક નં 34

Search in : કરડવા /Karadva

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૩૨૦૦૦૬૧૦૯ | અરજી નંબર | ૨૭૦૦ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૨૫ | માહે | એપ્રિલ | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ ધર્મેન્દ્ર કે પટેલ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી............................................................. | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી............................................... | |
| ટપાલ ખર્ચ..................................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )............................ | |
| શોધ અગર તપાસણી............Year: 2012 2022 | ૧૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫.................................................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................................ | |
| નકલ ફી ફોલીયો............................................................. | |
| ઈન્ડેક્ષ-૨ ફી ................................................................ | |

| કુલ એકંદરે રૂ. | ૧૨૦.૦૦ |
|---|---|

THE SEAL OF THE SUB REGIST... સબ રજીસ્ટ્રાર સુરત - ૬ (કુંભારીયા) નો સિક્કો SURAT-6 (KUMBHARIYA) સત્યમેવ જયતે

અંકે રૂપીયા એક સો વીસ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ . આવશે.

નકલ

કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

Ramchandra Mohanlal Panchal
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

અંકે રૂ. : 120.00

20220425373739117

સબ રજીસ્ટ્રાર, સુરત - 6 કુંભારીયા